# શહેર આજે દેશભકિતના રંગે રંગાશે

ગાંધીનગર તા ૧૪

શહેરમાં સ્વાતંત્ર પર્વની ઉજવણી અન્વેય દેશભકિતના વિવિધ કાર્યક્રમાનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરની શાળાઓ ઉપરાંત વિવિધ સરકારી કચેરીઓમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ ઉપરાંત સેકટરના રહેણાંક વિસ્તારમાં પણ ધ્વજવંદનનો કાર્યક્મનુ આયોજન કરવામાં આવ્યુ છે. સ્વાતંત્ર પર્વની ઉજવણીને અનુલક્ષી દેશભકિતના ગીતોનો કાર્યક્રમ યોજાશે. યુવાનો દ્વારા સમાજઉપયોગી સેવાના કાર્યો હાથ ધરવામાં આવશે. સ્વાતંત્ર પર્વની ઉજવણીની પુર્વ સંધ્યાથી જ શહેરમાં દેશભકિતનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. દેશભકિતના ગીતોથી શહેર ગુંજી ઉઠ્યુ હતુ. નગરના યુવાનો પણ સ્વાતંત્ર પર્વની ઉજવણીને અનુલક્ષી વધુ ઉત્સુક બન્યા છે. ત્યારે આજે શહેરમાં દેશભકિતનો અનોખો માહોલ જોવા મળશે.

સ્વાતંત્ર પર્વની ઉજવણીને અનુલક્ષી શહેર આજે દેશભકિતના રંગે રંગાશે સ્વાતંત્ર પર્વની ઉજવણી અંતર્ગત જિલ્લાકક્ષાનો કાર્યક્રમ માણસા ખાતે એસ ડી આર્ટસ કોલેજના સંકુલમાં યોજાશે આ દરમિયાન ધ્વજવંદન તેમજ પેરડ ઉપરાંત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે.મહાનગરપાલિકા દ્વારા બહુમાળીભવન ખાતે સવારે ૯ : ૩૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે જયારે રોટરી કલબ દ્વારા પણ કૈલાસધામ વૃધ્ધાશ્રમ પેથાપુર ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવશે. જૈન સોશ્યલ ગૃપ દ્વારા પણ ઉવારસદ સદવિચાર પરિવારની શાળામાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે દાંડી કુટીર ખાતે ભજનનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૧૨ વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા પણ દ્વવજવંદનના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત સે-૩ ન્યુના બગીચામાં પણ સવારે ૮ : ૩૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.



## @ગાંધીનગર

**તા. ૧૫ ઓગષ્ટ ૨૦૧૬**

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સવારે ૯.૩૦ કલાકે બહુમાળી ભવન, સે-૧૧ ખાતે મનપાના મેયર પ્રવિણભાઈ પટેલના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

● રોટરી કલબ દ્વારા સવારે ૯.૩૦ કલાકે કૈલાસધામ વૃધ્ધાશ્રમ-પેથાપુર ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

● જૈનો સોશ્યલ ગ્રુપ દ્વારા ઉવારસદની સદવિચાર પરિવાર શાળા ખાતે સવારે ૯.૩૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

● મહાત્મા મંદિરમાં દાંડી કૂટીર ખાતે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન સત્ય-શૌર્ય ગીતોનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી વિશ્વકર્મા સેવા સમાજ તથા ફેવિકોલ એફ.સી.સી. ચેમ્પિયન કલબ ગ્રુપ-૧ અને ૨ ગાંધીનગર દ્વારા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે સે-૧૨, વિશ્વકર્મા હોલ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

● ઓમકાર ઠાકુર અને તેમના પરીવાર દ્વારા સવારે ૮.૦૦ કલાકે ઓમકાર પાન પાર્લર, સે-૨૧ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી તથા જાણીતા કટાર લેખક સંજય થોરાતના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૩૫/૨, સે-૮-બી ખાતે સવારે ૯.૦૦ કલાકે કર્નલ શૈલેષ પંચલોથિયાના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૧ વૈજનાથ મહાદેવ ખાતે સવારે ૯.૦૦ કલાકે રકતદાન શિબિર યોજાશે.

● સે-૩-ન્યુ વસાહત મંડળ, નવરાત્રિ સમિતિ તથા નવદુર્ગા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે સવારે ૮.૩૦ કલાકે સે-૩-ન્યુના બગીચા ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન કાગળ કળાની કસબના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન પવિત્રાના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ફુગ્ગાના હિંડોળા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પ્રદિપભાઈ દવેના નિવાસસ્થાન બ્લોક નં. ૩/૨, છ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા કેતનભાઈ પંડયાના નિવાસસ્થાન કે-૧૪, ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ સુકા મેવાના હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્ત્રનામ વિષય ઉપર પૂજય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે ગીરીશભાઈ શુકલના નિવાસસ્થાન ઈ-૧૦૨, બાલમુકુંદ હાઈટસ, સ્વામિનારાયણ મંદિર સામે, ધોળેશ્વર મહાદેવ રોડ, કુડાસણ ખાતે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● વિસનગરા નાગર પરિવાર દ્વારા નરેન્દ્રભાઈ રાવલના નિવાસસ્થાન ૧૨૧૪, શિવમ સોસાયટી, સે-૨૭ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ મહિમ્ન સ્તોત્ર અને શિવ પૂજન કરાશે.

● દાદા ભગવાન પરિવાર દ્વારા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન સે-૭, લગ્નવાડી (કોમ્યુનીટી હોલ) ખાતે આપ્તપુત્ર સત્સંગ યોજાશે.



પવિત્ર શ્રાવણ માસે ભોળાનાથ શિવશંભુને રીઝવવા ભકતો કોઈ કસર બાકી મૂકતા નથી. અલખ નિરંજન અને અલગારી ભોળાનાથને વિવિધ શણગારથી સજાવી શ્રધ્ધાળુઓ પોતાનો ભકિતભાવ પ્રદર્શિત કરે છે. ગાંધીનગરના સેકટર-૨-બીમાં ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે મહાદેવજીને શાકભાજીના શણગારથી સજાવાયા હતા જેના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા.

# સે-૨૪ના રીક્ષાચાલકની અનોખી દર્દી સેવા

**રીક્ષા ગમે ત્યારે બોલાવો દર્દી માટે નિઃશુલ્ક સેવા**

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર ખાતે રહેતો મનસુખ મકવાણા સામાન્ય પરિવારમાંથી આવે છે. છતા આ યુવાન અનોખા સેવાયજ્ઞની ધુણી ધખાવીને બેઠો છે. છેલ્લા પાંચ વર્ષથી આ યુવાન ગમે તે સમયે પોતાની રીક્ષામાં દર્દીને નિશુલ્ક સેવા પુરી પાડે છે. પોતાના પરિવાર સાથે નીકળ્યો હોય અને રસ્તામાં કોઈ દર્દી કે અકસ્માતમાં ઈજાગ્રસ્તને જોઈ જાય તો પોતાના પરિવારને રીક્ષામાંથી ઉતારીને ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ પહોંચાડે છે. શહેરના સેવાભાવી રીક્ષાચાલક મનસુખભાઈ અન્ય સાથી રીક્ષાચાલક મિત્રોમાં ૧૦૮ની સેવા તરીકે પ્રસિધ્ધ છે.



અત્યારના સમયે મોંઘવારીએ માઝા મુકી છે. ગેસથી માંડી પેટ્રોલ ડીઝલના ભાવમાં દિનપ્રતિદિન વધારો થતો હોય છે. ત્યારે રીક્ષાચાલકો મહેનત કરીને માંડ પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હોય છે. ત્યારે શહેરમાં કેટલાક સ્થળોએ રીક્ષાચાલકો દ્વારા વધુ ભાડાની વસુલાતની બુમ પણ ઉઠવા પામે છે. ત્યારે શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર ખાતે પોતાના પરિવાર સાથે રહેતા મનસુખભાઈ મકવાણા છેલ્લા પાંચ વર્ષથી દર્દી સેવાની અનોખી સેવા પુરી પાડે છે. ૩૫ વર્ષીય મનસુખભાઈ રીક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચાલે તેટલું કમાય છે છતા મનમાં સેવા કરવાની અનોખી લગન લાગી હતી. પોતાની પાસે રહેલી રીક્ષાથી સેવાયજ્ઞનો પ્રારંભ કર્યો. શહેરમાં ગમે ત્યાં રીક્ષા લઈને ફરતા હોય પણ પરંતુ કોઈ અશકત દર્દી દેખાય એટલે તેઓને વિનામુલ્યે ઘરે પહોંચાડી દે. તેના બદલામાં સામેથી કોઈ રૂપીયા આપે તો પણ લેવાના નહી. ગમે ત્યારે રાત્રે કોઈ પણ વ્યકિત દર્દીને હોસ્પિટલ લઈ જવાના હોય ત્યારે બુમ પાડે અને તુરંત જ તૈયાર કઈ હોસ્પિટલ જવાનું છે તેમ પુછે. રાત-દિવલ અવિરત અનોખી દર્દી સેવા ચાલ્યા કરે છે. પોતાના પરિવાર સાથે બહાર નીકળ્યા હોય અને કોઈ દર્દી રીક્ષાને હાથ કરે તો દર્દીને ઘરે મુકવા જાય કારણ કે પરિવાર પહેલા દર્દી તેવો તેઓનો નિયમ છે. જયારે આ યુવાન પોતાના રીક્ષાચાલક મિત્રવર્તુળમાં ૧૦૮ની સેવા તરીકે જાણીતા છે. તેમના મિત્રો પણ તેમની આ સેવાને બિરદાવે છે.

## એલસીબીની ટીમે વધુ એક વાહનચોર પકડયો : બે વર્ષ પહેલાની બાઈક ચોરી અને પાંચ વર્ષ પહેલાની રીક્ષા ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર એલસીબીની ટીમે ગઈ કાલે વધુ એક વાહનચોરને સે-૨૮ બગીચાના પાછળના ભાગેથી ચોરીના બાઈક સાથે પકડી પાડયો છે. આ શખ્સની સઘન પુછપરછ કરતાં બાઈક બે વર્ષ પહેલા કાંકરીયા નજીકથી ચોરી કર્યું હોવાનું કબુલ્યું છે તે ઉપરાંત તેણે પાંચેક વર્ષ પહેલા મેઘાણીનગરથી એક રિક્ષા પણ ચોરી કરી હોવાની કબુલાત કરી છે. આરોપીની ધરપકડ કરીને સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.

એલસીબી પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમ ગઈ કાલે શહેરમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે સે-૨૮ બાગીચા પાછળના માર્ગ પાસેથી બાતમીને આધારે એક શખ્સને પકડી પાડયો હતો. તેની પાસેથી મળી આવેલા બાઈકની નંબર પ્લેટ પર ચેડા કરેલા હતા. છેલ્લો નંબર ચેકીને બાઈક વાપરી રહ્યો હતો. મુળ પાનસર, કલોલનો અને હાલ રખિયાલ અમદાવાદ ખાતે રહેતા ભરત ચતુર રાવળની સઘન પુછપરછ કરતાં તે બાઈક બે વર્ષ પહેલા ૩૧ ડીસેમ્બર ૨૦૧૪માં કાંકરીયાથી ચોરી કર્યુ હોવાની કબુલાત કરી છે તે ઉપરાંત તેણે મેઘાણીનગરથી પાંચેક વર્ષ પહેલા રીક્ષા ચોરી કરી હતી તે રિક્ષાના ટાયર કાઢીને કલોલ જાસપુર કેનાલ પાસે છોડી દીધી હતી તે સ્થળ પર તપાસ કરતા જાસપુરથી કલોલ જતા માર્ગ પરથી એન્જીન, ટાયર, સ્ટીયરીંગ તથા એસેસરીઝ, સીટો સિવાયની ભંગાર હાલતમાં પડેલી મળી આવી હતી. આ બંને ચોરીના વાહનનો મુદ્દામાલ કબજે લઈ રૂ. ૨૨ હજારનો મુદ્દામાલ જપ્ત કરી એલસીબીની ટીમે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.





ચિલોડા માર્ગ પર આલમપુર મનસુરી ભવન પાસે મહુમ સરપંચ હસનભાઈ મનસુરી હાજીયાણી ફાતેમાબેન ચિલોડા પરિવારનું નવું સોપાન એસ્સાર ઓઈલ એન્ડ ગેસના વિક્રેતા ભોલા પેટ્રોલિયમનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવકતા, યાકુબભાઈ મનસુરી, રાજકીય મહાનુભાવોમાં જગદીશભાઈ ઠાકોર, સૂર્યસિંહ ડાભી, અશ્વિન બારોટ, જશુભા રાણા, હિમાંશુ પટેલ, મેયર પ્રવિણભાઈ પટેલ, પરેશ પટેલ, શંકરસિંહ રાણા, એલ.કે. વાઘેલા, એસ.પી.ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, કામિનીબેન રાઠોડ, નીતનભાઈ પટેલ, કોદરભાઈ પટેલ તથા અન્ય જિલ્લાના અગ્રાણીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ તેઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## વાતવાતમાં

● સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સધ્યાએ શહેરમાં યોજાયેલ ત્રિરંગા યાત્રાના કારણે દેશભકિતનો માહોલ બરાબર જામી ગયો હતો. ત્રિરંગા યાત્રા થકી શહેરના માર્ગો પર રાષ્ટ્રભકિતના ગીતો ગુંજી ઉઠયા હતા.

● આઝાદી દિવસની પૂર્વ સંધ્યાએ જ ગાંધીનગરની ડીએસપી કચેરીમાં લાઈટો ગુલ થઈ જવા પામી હતી. સ્વતંત્રતાના ૭૦મા વર્ષે પણ રાજયના પાટનગરમાં મહત્વની પોલીસ કચેરીએ વિજળી વેરણ થવાની ઘટના બની રહી છે.

● સે-૩૦ના મુકિતધામ સ્મશાન ખાતે આવેલ પ્રાર્થના ખંડમાં ગાંધીનગરની સેવાભાવી સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સિલની ૧૬મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભામાં શહેરના પત્રકારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

● રણજીતસિંહ વાઘેલાએ પ્રમુખસ્વામી મહારાજના જીવનને લગતી ગાણિતિક વિગત ધ્યાને દોરી છે. પ્રમુખ સ્વામીના જન્મનું વર્ષ ૧૯૨૧ છે જેનો સરવાળો ૧૩ થાય છે. અને તેઓ બ્રહ્મલીન થવાની તારીખ પણ ૧૩ છે જયારે પ્રમુખસ્વામીને વર્ષ ૧૯૩૯માં દીક્ષા અપાઈ હતી જેનો સરવાળો ૨૨ થાય છે અને દીક્ષાની તારીખ પણ ૨૨ હતી.

## @ગાંધીનગર

**તા. ૧૬ ઓગષ્ટ ૨૦૧૬**

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન પેન્સિલ કાયાની કરામતના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન બગીચાના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શાકભાજીના હિંડોળા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે કેવલરામભાઈ જોષીના નિવાસસ્થાન બ્લોક નં. ૭/૨, છ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પોપટભાઈ રાવલના નિવાસસ્થાન કે-૧૫, ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ તીજરીના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે નટવરલાલ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૯૩/૨, સે-૩-ડી ખાતે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા ચંદુભાઈ પંડિત તરફથી ધોળેશ્વર મહાદેવ ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.

# વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા

**દરેક રાષ્ટ્રીય પર્વે ઉભરાતી 'સીઝનલ' દેશભકિતમાં થોકબંધ ત્રિરંગા ખરીદી ઘર, ઓફિસ કે વાહન સજાવીએ છીએ પરંતુ બીજા દિવસે આ ત્રિરંગા રસ્તા પર દયનીય હાલતમાં જોવા મળે છે**



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૧૪

ભારતનો ૭૦મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવાઈ રહ્યો છે અને દરેક ભારતીય નાગરિક માટે ત્રિરંગો માત્ર દેશનો રાષ્ટ્રધ્વજ નહી પરંતુ સ્વતંત્રતા તેમજ સ્વાભિમાનનું પ્રતિક સમાન છે. આ કારણે જ જયારે જયારે રાષ્ટ્રપ્રેમ કે રાષ્ટ્રભકિત પ્રદર્શિત કરવાની વાત આવે છે ત્યારે ત્યારે ત્રિરંગાને ફરકાવ્યા વિના તે અધૂરી રહે છે, પછી ભલે તે યુધ્ધનું મેદાન હોય કે ક્રિકેટનું મેદાન હોય. શાળાઓના કાર્યક્રમોમાં ત્રિરંગાની થીમ પર તૈયાર થયેલ સ્ટેજ બાળકોમાં રાષ્ટ્રભાવનાનો સંચાર કરે છે. આપણા રાષ્ટ્રીય તહેવારો પર તો જાણે રાષ્ટ્રપ્રેમનું ઘોડાપુર ઉમટી આવે છે અને દરેક નાગરિક પોતાના ઘર, વાહન કે દુકાન-ઓફિસ વગેરે જગ્યાએ ત્રિરંગો ફરકાવવાની જાણે હોડ કરે છે. જો કે માત્ર રાષ્ટ્રીય તહેવારોએ ઉભરી આવતી આ દેશભકિત જયારે બીજા દિવસે ઓસરી જાય છે ત્યારે એ જ રાષ્ટ્રધ્વજની જે હાલત થાય છે તે વર્ણવી પણ દુઃખદાયક હોય છે.

રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં ગવાતુ 'વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા' ઝંડા ગીત હવે જો ધીમે ધીમે લુપ્ત થઈ રહ્યું હોય તેવી સ્થિતિ છે. સ્વતંત્રતા દિવસ હોય કે પ્રજાસત્તાક દિન આ ગીતના કારણે ઝંડાને સ્વાભિમાનના પ્રતિક તરીકે ઓળખ પ્રસ્થાપિત કરી તેની ગરિમા જળવાય તે માટે આ ગીત પ્રેરિત કરતું હતું. હાલ જમાનો વ્હોટસએપ, ફેસબુક, ટવીટર કે ઈન્સ્ટાગ્રામ જેવા સોશ્યલ મિડિયાનો છે જેમાં દરેકનો 'સેલ્ફી ફીવર' હંમેશા ચઢેલો હોય છે એટલે જયારે પણ રાષ્ટ્રીય તહેવાર આવે એટલે ત્રિરંગા થીમ આધારિત પ્રોફાઈલ પિકચર કે 'સેલ્ફી વીથ ફલેગ' અપલોડ કરી દીધુ એટલે રાષ્ટ્રપ્રેમનું કાર્ય પુરું થયું. ઘણા હોંશે હોંશે રોડ પર મળતા કાગળના કે પ્લાસ્ટિકના ત્રિરંગા ખરીદી લાવી વાહનો પર લગાડી ફોટા પડાવે છે. પરંતુ બીજા દિવસે આ જ ત્રિરંગા રસ્તે રઝળતા દયનીય હાલતમાં જોવા મળે છે.

ભારતીય ફલેગ કોડ પ્રમાણે રાષ્ટ્રધ્વજ એક પ્રમાણભૂત રીતે નક્કી કરાયેલા માપદંડ મુજબની સાઈઝનો હોવા જોઈએ. તેની બનાવટ માટે પણ તેમાં કયુ મટીરીયલ વાપરવું તેથી માંડીને તેને કેવી રીતે ફરકાવવો તે તમામ બાબતો સ્પષ્ટ કરવામાં આવી છે. રાષ્ટ્રધ્વજ સામન્ય રીતે સુર્યોદય પછી ફરકાવાય અને સૂર્યાસ્ત પહેલા માનભેર ઉતારી લેવો જોઈએ. પરંતુ



કેટલાક સંજોગોમાં તે રાત્રે પણ ફરકાવી શકાય છે. વળી રાષ્ટ્રધ્વજને ફરકાવવા તથા ઉતારવાની પણ ખાસ પધ્ધતિ છે. ગંદો, મેલો કે ફાટેલો રાષ્ટ્રધ્વજ ફરકાવી ના શકાય તેમજ રાષ્ટ્રધ્વજની સાથે તેનાથી ઊંચો કે સમાતંર અન્ય કોઈ ધ્વજ કે ધજા ના ફરકાવી શકાય. રાષ્ટ્રધ્વજને હંમેશા સ્ફૂર્તિ સાથે તેમજ બ્યુગુલના અવાજ સાથે ફરકાવવો કે ઉતારવો જોઈએ. રાષ્ટ્રધ્વજ પર કોઈ લખાણ કે તસવીર છાપી ના શકાય આજ રીતે રાષ્ટ્રધ્વજને સન્માન સહિત ધીમે ધીમે ઉતારવો જોઈએ તેમજ યોગ્ય રીતે ફોલ્ડ કરીને જ મુકવો જોઈએ. જો કે આ તો વાત થઈ કાર્યક્રમમાં કે ઈમારત પર ફરકાવાતા રાષ્ટ્રધ્વજની પરંતુ રાષ્ટ્રીય પર્વ આવતા જ ચોરે ચૌટે, ચાર રસ્તા પર કે ફૂટપાથ પર વેચાતા નાનકડા ત્રિરંગા જેને નાગરિકો ખાસ કરીને વાહન પર લગાડવા કે પોતાની ઓફિસ, દુકાન કે ઘરમાં સજાવવા ખરીદે છે અથવા ખાનગી કાર્યક્રમોના મંચ કે મંડપમાં સજાવટ માટે લગાડાય છે તેનો ઉપયોગ પત્યા પછી થતી દુર્દશા એ ચિંતાજનક હોય છે. દર વર્ષે સ્વતંત્રતા દિવસ કે પ્રજાસત્તાક દિવસ પત્યા પછી બીજા દિવસે અસંખ્ય ત્રિરંગા રસ્તે રઝળતા જોવા મળે છે. જો કે હવે ઘણી સેવાભાવી સંસ્થાઓ તેમજ રાષ્ટ્રપ્રેમી સ્વયંસેવકો દ્વારા આવા ત્રિરંગા એકઠા કરી તેનો યોગ્ય નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવે છે. પરંતુ રસ્તે રઝળતા, કાદવમાં પડેલા કે ફાટેલા ત્રિરંગા એ રાષ્ટ્રધ્વજનું અપમાન છે.

રાષ્ટ્રપ્રેમ દરેકને હોવો જ જોઈએ અને રાષ્ટ્રધ્વજ પ્રત્યે અદમ્ય લગાવ હોવો એ આવકારદાયક બાબત છે પરંતુ સાથે સાથે રાષ્ટ્રધ્વજનું યોગ્ય સન્માન જળવાય તે જોવાની પણ આપણી એટલી જ ફરજ છે. જયારે પણ આપણે ત્રિરંગો ખરીદીએ ત્યારે તેની યોગ્ય જાળવણી કરીએ અને રાષ્ટ્રીય તહેવાર પત્યા બાદ ગમે ત્યાં ફેંકી દેવાને બદલે સાચવીને મુકી દેવા જોઈએ. બાળકોને રાષ્ટ્રધ્વજ પ્રત્યે વિશેષ પ્રેમ હોય છે અને હોવો જ જોઈએ પરંતુ તેમને રાષ્ટ્રધ્વજને કેવી રીતે સાચવવો તે પણ શીખવાડવું એટલું જ જરૂરી છે. આઝાદીના ૭૦ વર્ષે હવે આપણા રાષ્ટ્રધ્વજ ત્રિરંગા રસ્તે નહીં રઝળે તેટલી કાળજી તો આપણે રાખી શકીએ ને??

**'શાન ન ઈસકી જાને પાવે,**
**ચાહે જાન ભલે હી જાવે,**
**વિશ્વ વિજય કરકે દિખલાવે, તબ હોવે પ્રણ પૂર્ણ હમારા,**
**ઝંડા ઊંચા રહે હમારા...'**

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## સંપર્ક સેતુ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન આર.એચ. ઈંગ્લીશ મીડિયમ બી.એડ. કોલેજ સુરજબા કોલેજ ઓફ એજયુકેશન અને એસ.વી.કોલેજ ઓફ એજયુકેશનના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ કાર્યક્રમ અંતર્ગત ઈન્ટર્નશીપ શાળાઓ સાથેનો સંપર્ક સેતુ મજબુત બને તે હેતુથી સંપર્ક સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના આરંભે ડૉ. સંજયભાઈ ગુપ્તાએ વિવિધ શાળાઓમાંથી આવેલા આચાર્યો અને શિક્ષકોનું શાબ્દિક સ્વગત કરીને કર ભલા હોગા ભલા સુત્ર દ્વારા ચાલતી સર્વ વિદ્યાલય કેળવણી મંળ કડી સંસ્થાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ ડૉ. જિજ્ઞાસાબેન જોશીએ શાળામાં ઈન્ટર્ન શીપ દરમિયાન વિદ્યાર્થીઓએ કેવા પ્રકારની કામગીરી કરવાની છે તે અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓમાંથી મોટી સંખ્યામાં આચાર્યો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. ભાવિકભાઈ શાહે કર્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. દેવીકાબેન વાઘજીભાઈ રબારી, ઉ.વ.૬૫

● સ્વ. કમળાબેન મેઘજીભાઈ પટેલ, ઉ.વ.૮૦